(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903].

Civ.A 27g.

**ફો.કેસ નં. :– ૫૩૦/૨૦૧૩**
**આંક:– ૧૩૭**
**(FILE- C)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.* )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

મારું નામ:– મનુભાઈ  પિતા/પતિનું નામ:– મીઠુભાઈ ચાવડા

ઉ.વ.:– ૭૨

ધંધો:– નિવૃત  સરનામુ:– ધોળકા તા. ધોળકા જી. અમદાવાદ

**સોગંદ આપ્યા.....**

**ફરીયાદ પક્ષે સરતપાસ વિ. એ.પી.પી.શ્રી એ.પી.માલવણીયા**

**(૧)** હું ૨૦૦૮ ની સાલમાં કલેકટર કચેરી, સુરેન્દ્રનગર ખાતે પબ્લીક રીલેશન ઓફીસર તરીકે ફરજ બજાવતો હતો અને તે સમયે હળવદનાં મામલતદારશ્રી હેરમાભાઈ રજા ઉપર જતા હળવદ મામલતદાર તરીકેનો ચાર્જ અમોને સોંપવામાં આવતા અમો ઈન્ચાર્જ મામલતદાર તરીકે હળવદ ફરજ બજાવતા હતા. અમારી કામગીરીમાં હળવદ તાલુકાનો સરકારી મહેસુલી રેકર્ડ તથા જમીનના રેકર્ડની દેખરેખ તથા તેની જાળવણી કરવાની ફરજ હોય છે અને તલાટીની જે તે ગામનું રેકર્ડ સાચવવાની તથા મેઈન્ટેઈન રાખવાની જવાબદારી હોય છે અને જે તે સમયે તારીખ ૧/૪/૨૦૦૫ બાદ ઈ–ધરા કેન્દ્ર કોમ્પ્યુટરાઈઝ થયેલ અને તેની જવાબદારી નાયબ મામતલદાર ઈ–ધરા કેન્દ્ર વાળાની હોય છે.

ઈ–ધરા કેન્દ્રમાં નાયબ મામલતદાર તરીકે વી.એમ.વલવાઈ હતા અને સ્ટેટ તલાટી તરીકે વી.ટી.દવે અને ડી.વી.શેઠ હતા અને વી.એસ.ધોળું નાયબ મામલતદાર (મહેસુલ) હળવદ ખાતે હતા. મોજે હળવદનાં સર્વે નંબર ૩૧૯ તથા સર્વે નંબર ૩૩૯/પૈકી ૨ ની વેંચાણ નોંધ ઈ–ધરા કેન્દ્રમાં પડતા નાયબ મામલતદાર, મહેસુલ વી.એસ.ધોળુંને એન્ટ્રી પ્રમાણીત કે નામંજુર કરવાની સત્તા હોય આ નોંધ નામંજુર કરેલ અને તેના કારણમાં ઉપરોકત બંને સર્વે નંબરોવાળી જમીન સરકારી ડુબ ખાતા નંબર ૧૮૮૨ ડુબ ખાતે ચાલતી હોય મેન્યુઅલ રેકર્ડમાં એન્ટ્રી નંબર ૮૧૧ તેમજ ૨૦૦૩ ની અગાઉ પડેલ નોંધોમાં ચેડા કરી આ બંને નંબરો ઉમેરેલા હોય સરકારી જમીન હડપ કરવાના હેતુસર રેકર્ડ સાથે ચેડા થયેલ હોય એન્ટ્રી નામંજુર કરેલી. આ નામંજુર થયેલ નોંધના નંબર ૧૦૮૬૨ તથા ૧૦૮૬૬ હતા. નાયબ મામલતદાર મહેસુલને સરકારી ડુબ જમીન હડપ કરવા આવા બીજા કીસ્સાઓ છે કે કેમ જેથી રેકર્ડની ચકાસણી કરતા અન્ય બીજા સર્વે નંબર ૧૧૧૫, ૧૧૭૧, ૧૫૭૬/પૈકી ૨, ૨૪૮૫ નંબરોમાં પણ સરકારી ડુબ જમીન હોવા છતા તેમાં ચેડા થયેલા જણાતા આ અંગે મામલતદારશ્રી હેરમા સાહેબ,હળવદ નાઓએ મે. કલેકટર સાહેબ સુરેન્દ્રનગરને પત્ર લખેલો અને તેના અનુસંધાને મે. કલેકટર સાહેબ,સુરેન્દ્રનગરનાઓએ સરકારી જમીન હડપ કરવાના ગેરકાયદેસર કૃત્ય બદલ તલાટીઓ, નાયબ મામલતદાર ઈ–ધરા, કોમ્પ્યુટર ઓપરેટરો તેમજ આ જમીનના વેચાણ વ્યવહાર કે અન્ય વ્યવહાર કરનાર તમામ ઈસમો સામે એફ.આઈ.આર. દાખલ કરવાની સુચના આપતા અમોએ આ ફરીયાદ બધા ઈસમો સામે આપેલી.

આ ઈસમોના નામ બે સ્ટેટ તલાટી વી.ટી.દવે અને ડી.વી.શેઠ અને નાયબ મામલતદાર ઈ–ધરા વી.એમ.વલવાઈ તથા બે કોમ્પ્યુટર ઓપરેટર હસમુખભાઈ પટેલ તથા

પ્રશાંતભાઈ તથા અન્ય ઈસમ એક ઘાંચી બેન તથા ભુદરભાઈ પટેલ તથા પ્રફુલભાઈ તથા પોપટભાઈ તથા દીનેશભાઈ તથા હીતેષભાઈ વીગેરે હતા. દસ્તાવેજ નંબર તથા તેની તારીખ તથા તેના અવેજની રકમ મને હાલ યાદ નથી. મને અસલ ફરીયાદ બતાવતા જોઈ કહુ છુ કે તેમાં મારી સહી છે. જે હું ઓળખું છું. જે અસલ ફરીયાદને રજુ દાખલ **આંક–૧૩૮** આપવામાં આવે છે. આરોપીઓને જોયેથી ઓળખી શકુ નહી. મેં રેકર્ડની ખરાઈ કરેલી અને રેકર્ડ આધારીત ફરીયાદ આપેલી.

*સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો ન હોય, એ.પી.પી.શ્રીની મૌખીક વીનંતીથી સાહેદને ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવાની પરવાનગી આપી.*

એ વાત ખરી છે કે પોલીસ ફરીયાદમાં મેં એવી હકીકત લખાવેલ છે કે, સર્વે નંબર ૩૧૯ વાળી જમીન સરકારી ડુબ ખાતા નંબર ૧૮૮૨ માં તારીખ ૧/૪/૨૦૦૫ પહેલા ચાલતી હતી અને તારીખ ૧/૪/૨૦૦૫ થી લેન્ડ રેકર્ડમાં કોમ્પ્યુટરાઈઝેશન થયેલ અને ફેરફાર નોંધ નંબર ૮૧૧ તથા ૨૦૦૩ કે જે મહેસુલી રેકર્ડમાં ઘાંચી રેમાન વાલજીના નામે નોંધ દાખલ થયેલ અને આ નોંધોમાં પાછળથી સર્વે નંબર ૩૧૯ તથા ૩૩૯પૈકી ૨ નો ઉમેરો કરી લોલાડીયા સારબેન રહીમભાઈ રહે. હળવદના ખાતે આ સરકારી જમીન દાખલ કરેલી અને મેન્યુઅલ રેકર્ડ સાથે ચેડા કરી આ સર્વે નંબર કોમ્પ્યુટરાઈઝ રેવન્યુ રેકર્ડમાં અસર આપી ગામ નમુના નંબર ૭/૧૨ અને ૮–અ ખાતા નંબર ૮૬૨ શ્રીમતી સારબેન રહીમભાઈ ઘાંચીના નામે જનરેટ કરીને બોગસ દસ્તાવેજ ઉભો કરેલ છે.

એ વાત ખરી છે કે પોલીસ ફરીયાદમાં મેં એવી હકીકત લખાવેલ છે કે, સારબેન રમીહભાઈ ઘાંચીના નામે બોગસ રેકર્ડ ઉભું કર્યા બાદ આ સરકારી જમીનો તેઓએ રજીસ્ટર્ડ દસ્તાવેજ નંબર ૮૧૮ થી કીરીટભાઈ ભગવાનજીભાઈ કોરડીયા તથા દસ્તાવેજ નંબર ૮૧૬ થી સંજયભાઈ ભગવાનજીભાઈ કોરડીયાને વેંચાણ આપેલ. એ વાત ખરી છે કે પોલીસ ફરીયાદમાં મેં એવી હકીકત લખાવેલ છે કે, તારીખ ૮/૬/૧૯૯૮ નાં અનરજીસ્ટર્ડ કબજા સહીતના બાનાખતથી સર્વે નંબર ૩૧૯ વાળી સરકારી જમીન ભુદરભાઈ લવજીભાઈ પટેલે પ્રફુલકુમાર મોહનલાલ મહેતાને ગેરકાયદેસર વેચાણ કરેલ અને બાનાખતમાં આ જમીન સરકારશ્રીમાં ડુબ છે તેનો ઉલ્લેખ પણ કરેલ અને તારીખ ૨૧/૧૧/૧૯૯૮ નાં અનરજીસ્ટર્ડ કબજા સહીતના બાનાખતથી સર્વે નંબર ૩૧૯ વાળી સરકારી જમીન પ્રફુલકુમાર મોહનલાલ મહેતાએ ગેરકાયદેસર રીતે પોપટભાઈ લઘરાભાઈ દલવાડીને વેચાણ કરેલ અને તારીખ ૩/૧/૨૦૦૭ નાં રોજ સર્વે નં બર ૩૧૯ વાળી સરકારી જમીન દલવાડી પોપટભાઈ લઘરાભાઈ તથા દલવાડી દીનેશભાઈ પોપટભાઈએ સારબેન રહીમભાઈ તથા રહીમભાઈ તાજભાઈને વેચાણ આપવાનું બાનાખત કરી આપેલ અને આર્થિક લાભ મેળવેલ.

એ વાત ખરી છે કે પોલીસ ફરીયાદમાં મેં એવી હકીકત લખાવેલ છે કે, હળવદના સર્વે નંબર ૧૧૭૧ તથા ૧૧૧૫ વાળી સરકારી જમીનો સરકારી ડુબ ખાતા નંબર ૧૮૮૨ માં તારીખ ૧/૪/૨૦૦૫ પહેલા મેન્યુઅલ રેકર્ડ મુજબ ચાલતી હતી અને સર્વે નંબર ૧૧૧૫ સરકારી ખાતામાંથી શ્રી ગણેશભાઈ દેવજીભાઈ પટેલના ખાતામાં લઈ જવા માટે હકકપત્રકની ફેરફાર નોંધ નંબર ૧૪૦ માં સર્વે નંબર ૧૧૫ ની મુળ નોંધમાં તારીખ ૧૪/૫/૨૦૦૫ પછી કોઈપણ સમયે બદઈરાદાથી અધીકૃત અધીકારીના હુકમ સિવાય ઉમેરવામાં આવેલ છે અને નોંધ નંબર ૬૭૧૫ માં અનઅધીકૃત રીતે સરકારી સર્વે નંબર ૧૧૧૫ તથા ૧૧૭૧ પુરા ક્ષેત્રફળ સાથે ઉમેરી દેવામાં આવેલ અને આ બંને સર્વેનંબરો સડયંત્ર રચીને ખાનગી ખાતામાં ગણેશભાઈ દેવજીભાઈ પટેલના ખાનગી ખાતામાં દાખલ કરવામાં આવેલ અને ચેડા કર્યા બાદ આ બંને સર્વે નંબરની જમીનો ઈ–ધરા કેન્દ્રના ડેટાબેઝમાં પણ અનઅધીકૃત રીતે ચેડા કરીને અથવા કરાવીને ૭/૧૨ અને ૮–અ પટેલ ગણેશભાઈ દેવજીભાઈની તરફેણમાં જનરેટ કરવામાં આવેલ અને આ બનાવટી દસ્તાવેજોના આધારે ગણેશભાઈ દેવજીભાઈ પટેલે સર્વે નંબર ૧૧૧૫ એકર ૬ – ૩૫ ગુંઠા પૈકી ૨ એકર જમીન તારીખ ૨૬/૪/૨૦૦૭ નાં રોજ રજીસ્ટર્ડ

દસ્તાવેજથી દલવાડી અંબારામભાઈ રણછોડભાઈ રહે. રાયસંગપુરને રૂા. ૮૫,૦૦૦/– ના અઘાટ વેચાણથી આપેલ.

એ વાત ખરી છે કે પોલીસ ફરીયાદમાં મેં એવી હકીકત લખાવેલ છે કે, હળવદના સર્વે નંબર ૧૫૭૬ પૈકી ૨ વાળી જમીન તારીખ ૧/૪/૨૦૦૫ પહેલા મેન્યુઅલ ગામ નમુના નંબર ૮–અ ના સરકારી જમીનના ખાતા નંબર ૧૬૩૪ માં ચાલતી હતી અને હકકપત્રકે મં જુર થયેલી મુળ ફેરફાર નોંધ નંબર ૬૭, ૩૦૪૧, ૩૦૪૨ અને ૩૦૪૩ માં તારીખ ૧૪/૪/૨૦૦૫ પછી ગમે તે સમયે સર્વે નંબર ૧૫૭૬ પૈકી ૨ નો અનઅધીકૃત રીતે ઉમેરો કરી અને કરાવીને દલવાડી સવજીભાઈ નાનજીભાઈના ખાતે દાખલ કરવામાં આવેલી છે અને ત્યારબાદ ઈ–ધરા કેન્દ્રના કોમ્પ્યુટરાઈઝ રેવન્યુ રેકર્ડના ડેટાબેઝમાં પણ અનઅધીકૃત રીતે ચેડા કરીને ખાનગી ખાતે લઈ જવામાં આવી છે અને આ સરકારી જમીન સવજીભાઈ નાનજીભાઈ દલવાડીના ખાતે હોવાના બનાવટી દસ્તાવેજ દ્રારા કોમ્પ્યેટરાઈઝ ૭/૧૨ તથા ૮–અ બદઈરાદાથી જનરેટ કરેલ અને સવજીભાઈ નાનજીભાઈ ૨૦૦૩ ના વર્ષમાં અવસાન પામેલ અને તેઓ હૈયાત હતા ત્યારે આ જમીન મૌખીક કરારથી અવેજ લઈને રામજીભાઈ ગોપાલભાઈના પિતાજીને વેંચેલી અને આ જમીનનો તેઓની પાસે ગેરકાયદેસર પ્રત્યક્ષ કબજો હતો અને હળવદના સર્વે નંબર ૨૪૮૫ વાળી જમીન તારીખ ૧/૪/૨૦૦૫ પહેલા મેન્યુઅલ ગામ નમુના નં બર ૮–અ ના સરકારી ડુબ ખાતા નંબર ૧૮૮૨ માં ચાલતી હતી અને આ જમીન અનઅધીકૃત રીતે પ્રેમજીભાઈ ચોડાભાઈ દલવાડી રહે. હળવદ ના નામે ઈ–ધરા કેન્દ્ર ખાતેના કોમ્પ્યુટરાઈઝ રેવન્યુ રેકર્ડના ડેટાબેઝમાં સીધેસીધો ફેરફાર કરીને તેના બનાવટી દસ્તાવેજ તરીકે કોમ્પ્યુટરાઈઝ ગામ નમુના નંબર ૭/૧૨ તથા ૮–અ નું બોગસ રેકર્ડ ઉભું કરેલ

**આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એચ.એન.મહેતા**

**(૨)** મામલતદારશ્રી,હળવદ હેરમાસાહેબે કલેકટર સાહેબને પત્ર લખેલ તે પત્ર હું મારી સાથે લાવેલ નથી. એ વાત ખરી છે કે, મામલતદારશ્રી,હળવદ હેરમાસાહેબે કલેકટર સાહેબને પત્ર લખેલ તે પત્ર પોલીસ ફરીયાદ સાથે મેં પોલીસને આપેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તે પોલીસ તપાસનો વિષય છે. એ વાત ખરી નથી કે, આવો કોઈ પત્ર હેરમાસાહેબે કલેકટર સાહેબને લખેલ નથી જેથી મારી પાસે નથી. જો આવો પત્ર અમારી કલેકટર કચેરીના રેકર્ડમાં ઉપલબ્ધ હશે તો હું રજુ રાખવા ખુશ છું.

સવાલ:– આ પત્ર કેટલા સમયમાં રજુ કરી શકશો ?

જવાબ:– આ રેકર્ડ ખૂબ જુનું છે અને અમારી વહીવટી મેટર હોય તેમાં સમય જઈ શકે તેમ છે.

એ વાત ખરી નથી કે, આવો કોઈ પત્ર અમારી કચેરીમાં ઉપલબ્ધ ન હોવાથી હું ગોળગોળ જવાબ આપું છું.

સવાલ:– આ જમીન ડુબમાં ગઈ તે પહેલા કોના ખાતે ચાલતી હતી ?

જવાબ:– આ જમીન રેવન્યુ રેકર્ડ મુજબ ૮–અ તેમજ ૭/૧૨ માં સરકારી ડુબ ખાતે જમીન ચાલતી હતી.

સવાલ:– કોઈપણ જમીન સરકાર ડુબ હેડે કઈ રીતે જાય ?

જવાબ:– કોઈ શરતભંગ થાય, જમીન મહેસુલ કાયદાની જોગવાઈઓ મુજબ શરતભંગ થાય તો ડુબમાં જાય પરંતૂ ચોકકસ વીવીધ જોગવાઈઓ મને યાદ નથી.

એ વાત ખરી છે કે, મેં રેવન્યુ વિભાગમાં નોકરી કરેલ હોય જેથી હું બોમ્બે લેન્ડ રેવન્યુ કોડથી સંપૂર્ણપણે માહીતગાર છું. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મારી ૭૨ વર્ષની ઉંમર હોવાના કારણસર મારી યાદશકિત પર અસર પડેલ છે.

સવાલ:– તમારી યાદશકિત ઉંમરના કારણે ઓછી થઈ ગયેલ છે તે દર્શાવતું સક્ષમ ડોકટરનું સર્ટીફીકેટ તમારી પાસે છે ?

જવાબ:– કોરોના કાળમાં કોરોનાની અસર થઈ ગયેલ હોય યાદશકિતમાં ઘટાડો થઈ ગયેલ છે અને આ ફરીયાદ ૧૭ વર્ષ જુની છે.

એ વાત ખરી છે કે, કોરોના કાળમાં મને કોરોના થયેલ હોવા અંગેના કોઈ સર્ટીફીકેટ મારી પાસે નથી. મારી જન્મ તારીખ ૧/૬/૧૯૫૪ છે. મેં ૧૧ ધોરણ સુધીનો અભ્યાસ કરેલ છે. હું પહેલું ધોરણ રુપગઢ તા. ધોળકામાં ભણતો હતો. મેં ઓલ્ડ એસ.એસ.સી. એટલે કે અગીયારમું ધોરણ સરખેજ મુકામેથી પાસ કરેલ છે. મેં સને ૧૯૭૩ માં ધોરણ ૧૦ (ઓલ્ડ એસ.એસ.સી.) પાસ કરી સને ૧૯૭૪ માં કલેકટર ઓફીસમાં સી.આર. સ્કીમમાં કારકુન તરીકે નોકરીએ લાગેલો. હું જે નોકરીએ લાગ્યો તે અમદાવાદ જીલ્લાની કલેકટર ઓફીસ હતી. અમદાવાદ જીલ્લાની નોકરી લાગ્યા બાદ મેં સુરેન્દ્રનગર જીલ્લામાં નોકરી કરેલી. સુરેન્દ્રનગર જીલ્લામાં હળવદ, પાટડી, મુળી ખાતે ઈન્ચાર્જ અને રેગ્યુલર મામલતદાર તરીકે કામગીરી કરેલી. મને એ વાતનો ખ્યાલ નથી કે, બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ ૩૭(૨) હેઠળ મારી પાસે જે કાર્યવાહી થાય તે ડુબની કાર્યવાહી થાય. એ વાત ખરી છે કે, સરકારશ્રીના નિયમોને આધીન દરેક જીલ્લામાં ૩૦ વર્ષે સર્વેસેટલમેન્ટ થાય. એ વાત ખરી છે કે, સર્વેસેટલમેન્ટમાં ડી.એલ.આઈ.આર. કચેરી દરેક ગામમાં ખેતીની જમીનની માપણી કરે અને તેની માપણીશીટ તૈયાર કરે. એ વાતનો મને ખ્યાલ નથી કે, ડી.એલ.આઈ.આર. વાળા માપણી કરી જે ખેતરની માપણી કરેલ હોય તેનો માપ,આકાર તથા કબજાની હકીકત લખી અને તૈયાર કરે. એ વાત ખરી છે કે, ડી.એલ.આઈ.આર. વાળાએ જે માપણી કરી હોય તે તમામ સાહીત્ય પ્રમોલગેશન અધીકારી પાસે જમાં કરવામાં આવે. એ વાત ખરી છે કે, પ્રમોલગેશન અધીકારી માપણીનું રેકર્ડ રજુ થયા બાદ તમામ સર્વે નંબરોના કબજેદાર વ્યકતીઓને હકચોકસી કરવા માટે નોટીસ આપે. એ વાતનો મને ખ્યાલ નથી કે, હકચોકસીની નોટીસ આપ્યા બાદ જેને નોટીસ આપેલ છે તે વ્યકતી પ્રમોલગેશન અધીકારી પાસે પોતાની માલીકીના દસ્તાવેજો લઈને હકચોકસી માટે ન જાય તો તે જમીન ડુબમાં જાય. એ બાબત મને યાદ નથી કે, કોપણ વ્યકતી હકચોકસી કરવા માટે આવેલ ન હોય તો તેની માલીકીની જમીન પ્રમોલગેશન અધીકારી ડુબ પત્રકે દાખલ કરે. એ વાતનો મને ખ્યાલ નથી કે, ડુબ પત્રકે જે જમીન દાખલ થયેલ હોય તેની પ્રથમ માલીકી સરકારની નહી પરંતૂ પ્રાઈવેટ વ્યકતીની હોય. એ વાત ખરી છે કે, જે વ્યકતીની જમીન ડુબમાં ગયેલ હોય તે જમીન ખાનગી માલીકીની ઠેરવવા માટે થઈ જમીનના મુળ માલીક મામલતદાર સમક્ષ ખાનગી માલીકીની ઠેરવવા માટે થઈ અરજી કરી શકે. એ વાત ખરી છે કે, મામલતદાર સમક્ષ ૩૭(૨) નાં કેસની અંદર જે કેસ દાખલ થયેલ હોય તેની અંદર દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈ સદર જગ્યા ખાનગી માલીકીની હોય તો અરજી કરનારના નામે ચકાસણી કરી ખાનગી માલીકીની ઠેરવવાની સત્તા તાલુકા મામલતદારને છે. એ વાત ખરી છે કે, ૩૭(૨) નીચે મામલતદારશ્રીએ જે હુકમ કરેલ હોય તે હુકમ મામલતદારશ્રીના ઉપલા અધીકારી પાસે અવલોકનમાં રજુ કરવામાં આવે છે. એ વાતનો મને ખ્યાલ નથી કે, અવલોકન અધીકારી મામલતદારશ્રીનો જે હુકમ અવલોકનમાં ગયેલ હોય તે અવલોકન કર્યા વગર પરત મોકલે તો તે ખાનગી માલીકીના નામે જમીન થાય નહી. એ વાત ખરી છે કે, સરકાશ્રીની યોજના મુજબ સરકારશ્રીના ખાતે ચાલતી જમીન સાંથણીમાં શરતોને આધીન આપવામાં આવેલ હોય છે. એ વાત ખરી છે કે, આવી સાંથણીમાં આપેલ જમીન જે શરતોને આધીન જે ઈસમને આપેલ હોય તેમાંથી કોઈપણ શરતનો ભંગ થાય તો તે જમીન શરતભંગ ખાલસા કરી સરકાર ખાતે દાખલ કરવામાં આવે. એ બાબતનો મને ખ્યાલ નથી કે, સરકારશ્રી ખાતે ડુબમાં ગયેલ હોય તે જમીન તથા સાંથણીમાં આપેલ જમીન શરતભંગના કારણે ખાલસા થયેલ હોય એમ બે પ્રકારે સરકારશ્રી ખાતે જમીન ચાલતી હોય.

મેં જે જમીનો અંગે ફરીયાદ આપેલ છે તે જમીનો સરકારી ડુબ ખાતે હતી.

સવાલ:- આપે જેટલા સર્વે નંબર અંગે હાલની ફરીયાદ દાખલ કરેલ છે તે સર્વે નંબરોમાંથી કોઈ સર્વે નંબર શરતભંગ ખાલસાથી સરકારી ડુબ ખાતે ગયેલી હોય તેવું બનેલ નથી ?

જવાબ:- સરકારી ડુબ ખાતે ચાલતી જમીનને ચેડા કરેલ હોવાથી હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

એ વાત ખરી છે કે, ફરીયાદવાળી જમીનોના ચેડા અંગેની કોને, કઈ તારીખે, કઈ

જગ્યાએ ચેડા કરેલ છે તેની રેકર્ડ સિવાય અન્ય કોઈ મને જાતમાહીતી નથી. એ વાત ખરી છે કે, હેરમાસાહેબે ચેડા વાળી ફરીયાદ અંગે કલેકટરશ્રી,સુરેન્દ્રનગરને કઈ તારીખે જાણ કરેલી તેની મને ખબર નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, હવે કહુ છુ કે તા. ૨૮/૨/૨૦૦૮ ની હોઈ શકે, ચોકકસ તારીખ ખબર નથી. મને એ વાતની ખબર નથી કે, હેરમાસાહેબે કલેકટર સાહેબને જે ચેડા અંગેની ફરીયાદ કરેલ તે ફરીયાદ અનુસંધાને કલેકરટરશ્રી,સુરેન્દ્રનગરે અમારા કોઈ રેવન્યુ અધીકારીને પ્રાઈમરી તપાસણી માટે સોંપેલ કે કેમ. કલેકટર સાહેબશ્રીએ મને આ જમીનો ચેડા થયા છે અને તે અંગે ફરીયાદ કરવા માટે હુકમ કઈ તારીખે કરેલો તે અત્યારે મને યાદ નથી.
સવાલ:– કલેકટર સાહેબે કેટલા વ્યકતીઓ ઉપર ચેડા અંગેની ફરીયાદ કરવા અંગે આદેશ કરેલો ?
જવાબ:– રેકર્ડમાં ચેડા થવા બદલ બે તલાટી, નાયબ મામલતદાર ઈ–ધરા, કોમ્પ્યુટર ઓપરેટરો અને આ છ એ છ સર્વે નંબરોમાં વ્યવહારો કરેલા હોય તે તમામ સંબંધીત વ્યકતીઓ સામે ફરીયાદ કરવા આદેશ કરેલો.

કલેકટરશ્રીએ મને પત્રના અનુસંધાને લેખીત આદેશ કરેલો. એ વાત ખરી નથી કે કલેકટરશ્રીએ પત્રના અનુસંધાને ફરીયાદ કરવા લેખીત આદેશ કરેલ તે આદેશ આ કામે રજુ કરેલ નથી. મને કલેકટરશ્રીનો લેખીત આદેશ મળ્યા બાદ બે–ત્રણ દીવસ પછી ફરીયાદ દાખલ કરેલી. મે આ ત્રણ દીવસ દરમ્યાન રેકર્ડની ચકાસણી કરી અને કલેકટર સાહેબને જે રીપોર્ટ કરેલા તેના આધારે ફરીયાદ દાખલ કરેલી. આ રેકર્ડની ચકાસણી બે કલાકમા પૂર્ણ કરેલી. એ વાત ખરી છે કે આ બે કલાક દરમ્યાન મે માત્ર હળવદ મામલતદાર ઓફીસ અને ઈ–ધરા કેન્દ્રની અંદર જે રેકર્ડ હતુ તેની તપાસણી કરેલી. એ વાત ખરી છે કે સ્થળ ચકાસણી કરવા માટે આ બે કલાક દરમ્યાન બહાર ગયેલ નથી. એ વાત ખરી છે કે, કલેકટરશ્રીના આદેશ બાદ મેં રેકર્ડની ચકાસણી કર્યા પછી કલેકટરશ્રીને કોઈ રીપોર્ટ કરેલ નથી. એ વાતની મને ખબર નથી કે, કલેકટર સાહેબે ચકાસણી કરી ફરીયાદ દાખલ કરવાનો જે હુકમ કરેલો તે હુકમ બાદ મેં મામલતદાર ઓફીસમાં બે કલાકમાં જે ચકાસણી કરેલી તે ચકાસણી માટે કલેકટર સાહેબના હુકમ પછી કઈ તારીખે અને કેટલા વાગે હળવદ આવેલો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મામલતદાર હળવદનો ચાર્જ મારી પાસે હતો એટલે દરરોજ હું હળવદ આવતો પરંતૂ કેટલા વાગે આવતો તે ઓફીસ ટાઈમ જ હોય. હળવદ મામલતદાર નો ચાર્જ કઈ તારીખ થી કઈ તારીખ સુધી હતો તે ચોકકસ મને યાદ નથી પરંતૂ તારીખ ૩૧/૩/૨૦૦૮ નાં રોજ મેં ચાર્જ હેરમા સાહેબને સોંપેલો. એ વાત ખરી છે કે, હું હળવદ મામલતદાર ચાર્જમાં હતો ત્યારે તે સમય દરમ્યાન મારું પોસ્ટીંગ પી.આર.ઓ. તરીકે સુરેન્દ્રનગર કલેકટર કચેરીમાં હતું અને મારુ રહેવાનું પણ સુરેન્દ્રનગર હતું. એ વાત અત્યારે હું કહી શકુ નહી કે, હું હળવદ મામલતદારના ચાર્જમાં હતો તે દરમ્યાન કેટલા દીવસ હું હળવદ આવેલો અને કેટલા દીવસ હું મારા મુળ પોસ્ટીંગના સ્થળે રોકાયેલો. એ વાત ખરી છે કે, મેં બે કલાક ચકાસણી કરેલ તે દરમ્યાન મારા સ્ટાફના કોઈ સભ્યોના નીવેદન મેં લીધેલ નથી. એ વાત ખરી છે કે, આ સમય દરમ્યાન મને અમારી ઓફીસના અન્ય કર્મચારીઓએ પણ કોઈ હકીકત લખાવેલ નથી. ફરીયાદ આપી તેના ત્રીસ દીવસ પહેલાથી હું મામલતદારના ચાર્જમાં હતો. એ વાત ખરી છે કે, ઈ–ધરાની અંદર નાયબ મામલતદાર જે કોમ્પ્યુટર હોય જેની અંદર પોતાનો અંગુઠો મુકે તો જ તે કોમ્પ્યુટર ઓપરેટ થાય. દીવસ દરમ્યાન ઈ–ધરા મામલતદારે રેવન્યુ રેકર્ડમાં કોમ્પ્યુટરમાં જે કાંઈ ફેરફાર કર્યા હોય તેની ચકાસણી અમારી ઓફીસના મહેસુલના રેવન્યુ નાયબ મામલતદાર કરતા હોય છે. એ વાત ખરી છે કે, મારા ચાર્જ દરમ્યાન અમારા મહેસુલના રેવન્યુ નાયબ મામલતદારે ઈ–ધરા શાખામાં કોઈપણ પ્રકારની ચેડચાડ થઈ હોય તેની કોઈ લેખીત જાણ મને કરેલી નથી. એ વાત ખરી છે કે, ઈ–ધરાની અંદર જે કાંઈ ચેડચાડ થઈ તેની કોઈ જાણ મહેસુલના નાયબ મામલતદારે મને કરેલ નથી પરંતૂ આ અંગે મેં તેઓનું કોઈ નીવેદન લીધેલ નથી.

એ વાત ખરી છે કે, ઈ–ધરા શાખામાં કોન્ટ્રાકટ આધારીત કોમ્પ્યુટર ઓપરેટરો હતા. એ વાત ખરી છે કે, રેવન્યુનું મેન્યુઅલ રેકર્ડ આ ઓપરેટરોના કબજામાં ન

હોય. સરકારશ્રીએ રેવન્યુનું મેન્યુઅલ રેકર્ડ કોમ્પ્યુટરાઈઝ કરવા માટે તા. ૧/૪/૨૦૦૫ થી આદેશ કરેલો. એ વાત ખરી છે કે, રેવન્યુનું તમામ મેન્યુઅલ રેકર્ડ જે તે સંલગ્ન મામલતદાર કચેરીમાં સોંપવામાં આવેલું. એ વાત ખરી છે કે, જે મેન્યુઅલ રેકર્ડનું કોમ્પ્યુટરાઈઝેશન થયુ તેની ચકાસણી નાયબ મામલતદાર કરતા હતા. એ વાત ખરી છે કે, કોમ્પ્યુટરાઈઝ રેકર્ડ ફીટ થયુ તે વખતે તે રેકર્ડ ફીટ થવામાં કોઈ છેડછાડ થયેલી હોય તેવી કોઈ જાણ કામગીરી સંભાળનાર નાયબ મામલતદારે ક્યાંય કરેલ નથી. એ વાત ખરી છે કે, આ રેકર્ડ ફીટ થતા સમયે રેકર્ડની અંદર કોઈ હકીકત ખોટી ફીટ થયેલી હોય તેવી કોઈ લેખીત રજુઆત ગ્રામજનોએ પણ કરેલ નથી. એ વાત ખરી નથી કે, કોઈ રેકર્ડમાં કોઈપણ પ્રકારની ચેકચાક કે છેડછાડ હાલના આરોપીઓએ કરેલ નથી તેમ છતા રાજકીય પ્રેશરના કારણે મારા ઉપલી અધીકારીએ મને આરોપીઓ વિરુધ્ધ ખોટી ફરીયાદ કરવાનું કહેતા હાલની ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે, હાલમાં હું સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી નથી કે, હું જાણતો નથી કે મને યાદ નથી કે મારી યાદશકિત ઓછી થઈ ગઈ છે અને કોરોનાની બીમારીના કારણે મારી યાદશકિત ઓછી થઈ ગઈ છે તે તમામ હકીકત હું ખોટી જણાવું છું. એ વાત ખરી નથી કે, મને કલેકટર સાહેબે ફરીયાદ દાખલ કરવાનો કોઈ લેખીત હુકમ કરેલ નથી કે તેના આધારે મેં હું જણાવું છુ તેવી કોઈ ચકાસણી મેં કરેલ નથી તેમ છતા કોર્ટમાં તે હકીકત હું ખોટી જણાવું છું.

**ફેરતપાસ નથી.**

સ્થળ:– હળવદ.
તારીખ:– ૧૬/૦૭/૨૦૨૫

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.